અપીલ અરજી નં.૨૭ તા.૨૩–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી રણજીતભાઈ ભાણાભાઈ ખલાસી

સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રણજીતભાઈ ભાણાભાઈ ખલાસીની તા.૧૭–૧–૦૯ ની અરજીથી તેમની તા.૧૪–૧૨–૦૭ ની અરજીથી ગેરકાયદેસર રીતે કરેલ બાંધકામ બાબતે તેમની અરજી અન્વયે થયેલ કામગીરીની વિગતની માહિતી માંગવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૩–૪–'૦૯ ની અપીલ અરજી નં.૨૭/૨૦૦૯–૧૦

શ્રી રણજીતભાઈ ભાણાભાઈ ખલાસીની તા.૧૭–૧–૦૯ ની અરજીથી તેમની તા.૧૪–૧૨–૦૭ ની અરજીથી ગેરકાયદેસર રીતે કરેલ બાંધકામ બાબતે તેમની અરજી અન્વયે થયેલ કામગીરીની વિગતની માહિતી માંગવા બાબતે ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/ આરટીઆઈ/આ.૬૩૨ તા.૨૬–૩–૦૯થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨ તા.૬–૫–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૧૩ તા.૧ ૫–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં મૂળ અરજી તથા નોંધ વિભાગ સહિત અરજદારને આપેલ માહિતીની નકલ પૂરી પાડેલ છે.

અરજદારની તા.૧૭–૧–૦૯ ની અરજીથી ડુમસ વડવા ફળિયાની મિલ્કત નં.87/ASST/OK/07 માં રહેતાં શ્રી રામાભાઈ મગનભાઈ ખલાસી અને તેમના પુત્રો વિગેરેએ જુનું મકાન તોડી નવું મકાન બનાવી બાંધકામ કરેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી લીધેલ નથી તેમજ પ્લાન મંજુર કરાવેલ નથી ઉલટા તેઓની જગ્યાની હદ કરતાં ઘરની આગળના ભાગમાં જાહેર રસ્તાની જગ્યા ઉપર નિયમ મુજબ છોડવાની ૩ થી ૪ ફુટની જગ્યાએ રસ્તાની જગ્યામાં બાંધકામ કરેલ છે વિગેરે અંગે માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૩૨ તા.૨૬–૩–૦૯ થી અરજદારને અત્રેના રેકર્ડની ચકાસણી કરતાં જણાવેલ બાંધકામમાં મંજુરી કે ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાયેલ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અપીલ અરજીમાં અરજદારે કાર્યવાહી કેમ ન કરવામાં આવેલ તેવી માંગણી કરવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારની અપીલ તબકકે કાર્યવાહી કેમ કરવામાં આવેલ નથી તેની વિગતો જણાવેલ નથી તેવી રજૂઆત મૂળ અરજીથી અલાયદી કરવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદી માહિતી અંગે અરજદાર કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલગ અરજી ધ્વારા લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૫ –૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવા ઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી રણજીતભાઈ ભાણાભાઈ ખલાસી,વડવા ફળીયા, મુ.પો. ડુમ્મસ, જિ. સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.